સલામી સવારની..

આપણા કર્મોના કચરા આડે પરદા નાખી દો!
છુપાવી દો કાળું અંધારું ઝળહળાંથી ઝાંખી દો!
પોંખી લ્યો વિરાટ વ્યક્તિત્વો છુપાવો વામનપણું -
ઢાંકી દો પ્રજાની પરેશાની, કકળાટ સાંખી લ્યો!
(ખાતરના ઢગ ઢાંકી દીધા)

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

હાઈકુ

આ જા.ખ.વાંચી?
ભારત નો વિકાસ -
= રિલાયન્સનો...
(એટલે અંબાણીનો?!)

જીવ બાળીને -
દૂર કરો અંધારું,
રોશની વડે...
(ખોટો દંભ-દેખાડો)

ચિંતન

कोकिलानां स्वरो रूपं, नारी रूपं, पतिव्रतम् ।
विद्यारूपं कुरूपाणां क्षमारूपं तपस्विनाम् ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત બોધમાંથી લેવામાં આવેલ છે.

કોયલનો સ્વર તેનું રૂપ છે, નારીનું રૂપ તેનું પ્રતિવ્રતાપણું છે, કદરૂપાનું રૂપ વિદ્યા છે અને તપસ્વીઓનું રૂપ ક્ષમા છે.

ભલે, કોયલ રંગે શ્યામ છે પણ તેની પાસે સુકંઠ છે તેને કારણે પંખીજગતમાં તેનું મહત્ત્વ અધિક છે.

સ્ત્રી પણ બાહ્ય સૌંદર્યને કારણે સતીત્વ - કે પૂજ્યભાવને પ્રાપ્ત થતી નથી પણ એકપ્રતિવ્રત ધર્મને કારણે તે પૂજ્ય થઈ જાય છે. રાક્ષસની પત્ની વૃંદા પતિવ્રતા હતી તેથી જ ભગવાન વિષ્ણુને 'કાળો પથ્થર'થઈ જવાનો શ્રાપ આપી શકવા શક્તિશાળી થઈ શકી (શાલિગ્રામ) તપસ્વીનું આભૂષણ ક્ષમા છે.

સુવિચાર

- હકારાત્મક વિચાર ખૂશીનું સરનામું છે - **મલેશીયન કહેવત**
- નવીનતાને ન ઠૂકરાવો, નવીનતા તો પ્રાણપોષક છે,
  જુઓ કુદરત તરફથી શ્વાસ પણ જૂના નથી મળતાં - **મરીઝ**
- અંતર કોલાહલથી ભરપૂર હોય તો કોઈ પ્રસન્નતા ખુશી આપી શકતી નથી - **નવનિત**
- સ્ત્રીઓની ઈર્ષ્યા અને પુરુષોનો અહમ આ બે ગુણ અસ્તિત્વમાં જ ન હોત તો
  દુનિયા સાવ ફિક્કી હોત - **ગુણવંત શાહ**
- આપણી જિંદગી ફક્ત અને ફક્ત આપણે જ બહેતર બનાવી શકીએ છીએ - **એસ. ભટ્ટાચાર્ય**
- સપનાં પર બાઝેલાં ઝાંઝવાને દૂર કરવા થોડી હિમ્મતના શ્વાસ જોઈએ, વધુ કંઈ નહીં - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : બાવળની છાલનો ભૂકો કરી તેને પાણીમાં ઉકાળો... એના કોગળા કરવાથી મોઢામાં
  ચાંદા મટે છે **(સંકલન : દિપક વી. આસરા)**

બોધકથા

કોઈ પણ અપેક્ષા વિના કરેલો ત્યાગનું દાનનું મહત્ત્વ વિશેષ છે. કીર્તિ - નામના અને તકતી માટે કરેલાં દાન પાછળની ભાવના સાચા ત્યાગની નથી હોતી.

રાજા અબુ હસન યમન દેશનો ધાર્મિક રાજા હતો. ખૂબ મોટો દાનવીર હતો તેનું નામ સાંભળી દૂર દૂરથી લોકો તેની પાસે 'યાચના' માટે આવતા - પોતાની કીર્તિનો ફેલાવો જાણવા એકવાર રાજાએ સર્વે કરાવ્યો - 'લોકોમાં કોની ખ્યાતિ વધારે છે?' આસપાસના રાજયોમાં 'હાતિમ'નું નામ સંત તરીકે વધારે ખ્યાત હતું.

અબુ વેશપરિવર્તન કરી હાતિમને ઘેર અજાણ્યા તરીકે રહ્યો, હાતિમે રાજાની ખૂબ સેવા કરી. ત્રણ ચાર દિવસે જવાનો વિચાર કર્યો - ત્યારે હાતિમે અજાણ્યા મહેમાનને પુછ્યું તમે કયા કામે નિકળ્યા હતા? રાજા કહે મને હાતિમનું માથું જોઈતું હતું.

હાતિમ કહે - હું જ હાતિમ છું આજે રાત્રે કાપીને લઈ જજો - કોઈને ખબર નહીં પડે...

રાજાએ હાતિમની ક્ષમા માગી - સાચા ત્યાગની કદર કરી.

ગાંધીનગર આંતરરાષ્ટ્રીય ક્ષિતિજે

પાટનગર ગાંધીનગર માટે ૯મી જાન્યુઆરી-૨૦૧૭નો દિવસ ઐતિહાસિક બની ગયો. છેલ્લા પાંચ દાયકાથી છૂકછૂક ચાલતી રેલવે હવે આંતરરાષ્ટ્રીય કક્ષાના રેલવે સ્ટેશન અને રેલવે ટ્રેક ઉપર પ્રથમ ફાઈવ સ્ટાર હોટલનું ભૂમિપૂજન સાથોસાથ આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જનો શુભારંભ પણ કર્યો. આમ ગાંધીનગરનો ચહેરો બદલાઈ રહ્યો છે. ગાંધીનગર બીજુ હોંગકોંગ બની જશે. વિદેશી કંપનીઓના સ્ટોક એક્સચેન્જની લેવડ દેવડ ગિફ્ટ સિટીમાં થશે. વિદેશી કંપનીઓની નાની-મોટી કચેરીઓ ગિફ્ટસિટીમાં થશે શહેરનો ધમધમાટ વધશે.

પ્રધાનમંત્રી નરેન્દભાઈ મોદીના દીર્ઘદૃષ્ટિકોણના પગલે ગાંધીનગરનું ગરીબ રેલવે સ્ટેશન વેપાર વ્યવસાયનો ધમધમાટ વધશે. દેશના પાટનગરો સાથે ગાંધીનગરને જોડવાના ભાગરૂપ અનેક ટ્રેનો વધી રહી છે. સ્ટેશનનું અતિ આધુનિકરણ થઈ રહ્યું છે અને રેલ ટ્રેક ઉપર પ્રથમ ફાઈવસ્ટાર હોટલથી પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. અને એ જ રીતે પ્રધાનમંત્રીના સ્વપ્નનગરી સમી ગિફ્ટ સિટીમાં શેરબજાર માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્ટોક એક્સચેન્જ આરંભાતા ગાંધીનગરનો વૈશ્વિક ક્ષિતિજ ઉપર ડંકો વાગશે. ગિફ્ટ સિટીમાં દેશવિદેશની અનેક ફાઈનાન્સિયલ કંપનીઓ પોતાની ઑફિસો ખસેડી રહી છે. દેશની પ્રતિષ્ઠિત બેન્કોની મુખ્ય કચેરીઓ પણ ગિફ્ટસિટીમાં આવી રહી છે. આમ સિફ્ટસિટી ગાંધીનગરનું એક આગવું આકર્ષણનું કેન્દ્ર બની જશે. વાઈબ્રન્ટ સમિટના વધામણા ગાંધીનગર માટે શુભ અને લાભ બની રહ્યા છે.

તંત્રીસ્થાનેથી...

ગાંધીનગરના આંગણે વાઈબ્રન્ટ સમિટ યોજાતા સમગ્ર શહેરના અનોખો માહોલ છવાયો છે. ગંદકીમુક્ત અને દબાણમુક્ત બનેલ પાટનગરના માર્ગો સ્વચ્છ અને સુઘડ લાગી રહ્યા છે. રંગબેરંગી પ્રકાશ રેલાવતી રોશની ગાંધીનગરના ઉત્સાહને વહેવડાવી રહી છે. સમગ્ર તંત્રની સાથે પાટનગર વાસીઓમાં પણ વાયબ્રન્ટ સમિટનો ભારે ઉત્સાહ અનુભવાય છે. એર-શૉ કે ટ્રેડ-શૉ ગાંધીગનર માટે અદ્‌ભૂત લ્હાવો છે. દેશ-વિદેશની ૧૫૦૦ કંપનીઓના ઉત્પાદનોનું નિદર્શન એક સાથે માણવાનો લ્હાવો ગાંધીનગરને મળ્યો છે તેનો રાજીપો શહેરના ખૂણે ખૂણે વર્તાય છે. ગાંધીનગર વાયબ્રન્ટ ગુજરતાનું વિકાસબિંદુ બની રહ્યું છે.

જયાં માલિકીભાવ હોય ત્યાં દાબદબાવ, ભય, વહેમ, જાસૂસી કે ષડયંત્ર હોઈ શકે પણ પરિશુધ્ધ પ્રેમતત્વ ન હોઈ શકે

દિવ્ય શૃંગારની કવિતા

હું તને પ્રેમ કરું છું તે
એટલા માટે નહીં કે તું તું છે,
પરંતુ એટલા માટે કે હું તારી સાથે હોઉં ત્યારે
હું શું નું શું હોઉં છું !
હું તને પ્રેમ કરું છું તે
એટલા માટે નહીં કે
તેં તારી જાતને કેવી કેવી બનાવી છે,
પરંતુ એટલા માટે કે
તું મને શું નો શું બનાવી રહી છે.

- રોજર ઇ બુસીરાબુટિન
(ફ્રેન્ચ સાહિત્યકાર)

વિરહના સમયગાળામાં જે અલ્પ હોય તે હારી જાય, પરંતુ જે મહાન હોય તેનું સત્વ તો જાગી ઊઠે!

પ્રેમતત્વને સમજવા માટે જે 'અવ્યવહારું મિજાજ' જોઈએ તે સ્વાર્થ પરાયણ સમાજમાં ઝટ નથી જડતો. લગ્નસંબંધ પ્રેમસંબંધની ખાતરી ન આપી શકે. હજારો લગ્નસંબંધોના કોલાહલમાં માંડ એકાદ પ્રેમસંબંધ જડે તો જડે ! લગ્નસંબંધ સાથે જ્ઞાતિ, લેવડદેવડ, રિવાજ-કુરિવાજ અને બીજી અનેક કૃત્રિમતાઓ જોડાઈ જતી હોય છે. આવો આયોજિત લગ્નસંબંધ જે સગપણનું નિર્માણ કરે છે તેને સમાજ 'પતિપત્ની' કહે છે.

લગ્નસંબંધ હોય ત્યાં એક શબ્દ આપોઆપ ચાલ્યો આવે છે : 'માલિકીભાવ'. વાતે વાતે કોઈ પરિણીત સ્ત્રી સૌ મિત્રો વચ્ચે એક વાકય કહી દેતી હોય છે. 'મારો પતિ બહુ પઝેસિવ છે.' એ ઇચ્છે છે કે પોતાનો પતિ 'કેવળ પોતાનો' જ હોય એ રીતે જીવે. જયાં માલિકીભાવ હોય ત્યાં દાબદબાવ, ભય, વહેમ, જાસૂસી કે ષડયંત્ર હોઈ શકે પણ પરિશુધ્ધ પ્રેમતત્વ ન હોઈ શકે.

ડૉ. ગુણવંત શાહ દ્વારા તાજેતરમાં પ્રકાશિત પુસ્તક 'કૃષ્ણલીલા મધુર મધુર' માં દિવ્યશૃંગારની કવિતા કરવામાં આવી છે.

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

સદીઓથી માનવજાત પ્રેમતત્વનું સરનામું શોધતી રહી છે. એ શોધનું રહસ્ય મૃત્યુ છે. મૃત્યુનો ડર માનવીને પ્રતિક્ષણ સતાવે છે. પરમસુખની અવસ્થામાં હોય ત્યારે પણ અંતે મૃત્યુ નામની કીડીનો ચટકો બ્લેકમેઈલ કરતો રહે છે અને કહે છે : 'બધું જ છોડીને તારે એક દિવસ સ્મશાનમાં ભડભડતી ચિતામાં બળીને ભસ્મ થવાનું છે.' આવા બ્લેકમેઈલની પીડા સાવત્રિક છે અને વળી નિરપવાદ છે. આવી તલવાર સતત માથે લટકતી હોય ત્યારે જે સુખ પ્રાપ્ત થાય તે ત્રણ ખાટું, ખારું, તીખું અને તૂરું બનીને અંદરથી પજવતું રહે છે. આવી પજવણીનો અનાદર એ અજ્ઞાન છે. આવી પજવણીમાંથી પેદા થતું વૈરાગ્ય એ જ્ઞાન છે. જ્ઞાનની તીવ્ર ઉત્સુકતા એક એવી જિજ્ઞાસાને જન્મ આપે છે, જેને આપણા ઋષિઓએ બ્રહ્મજિજ્ઞાસા કહી છે.

(કૃષ્ણ લીલા મધુર મધુર, લે. ગુણવંત શાહ કિંમત રૂા. ૯૫/-)

(આવતા અંકે પુરું)

મિસરી

"હું તને પ્રેમ કરું છું તે એટલા માટે
કે તેં મને સારો બનાવવા માટે જે જે કર્યું છે
તે કોઈ ધર્મપંથ ન કરી શકયો હોત
અને મને સુખી કરવા માટે તેં જે કર્યું
તે તો નસીબની પહોંચમાં પણ કયાંથી ?
તેં આવું બધું કર્યું, તેનુ રહસ્ય એ જ કે
તું તું બની રહી !"

-(ડૉ. ગુણવંત શાહ)
કૃષ્ણ લીલા મધુર મધુરમાંથી
-santoshdevkar03@gmail.com

મરને સે પહલે મેરે બાલ ડાઈ કર દેના, મૈં જવાન હોકર મરના ચાહતા હૂં : ઓમ પુરી

ચક્વ્યૂહ મેં ઘૂસને સે પહેલે કૌન થા મૈં ઔર કેસા થા યે મૂજે યાદ હી ન રહેગા....

ચક્વ્યૂહ મેં ઘૂસતે કે બાર મેરે ઔર ચક્વ્યૂહ કે બીચ સિર્ફ જાન લેવા નીકટતા થી ઈસકા મુજે પતા હી નહીં

ચક્વ્યૂહ સે બહાર નીકલને પર મેં મૂક્ત હો જાઉં ભલે હી ફીર બી ચક્વ્યૂહ કી રચના મેં ફર્ક હી ન પડેગા

મરું યા મારું, મારા જાઉ યા જાન સે માર દૂં ઈસકા ફૈસલા કભી ન હો પાયેગા...

સોયા હુઆ આદમી જબ નીંદ મેં સે ઉઠકર ચલતા શુરુ કરતા હૈ
તબ સપનોં કા સંસાર ઉસે દુબારા દેખ હી ન પાયેગા...
ઉસ રોશની મેં જો નિર્ણય કી રોશની હૈ
સબ કુછ સમાન હોગા કયા?
એક પલડે મેં નપુંસકતા
દૂસરે પલડે મેં પૌરુષ
ઔર ઠીક તરાઝૂ કે કાંટે પર અર્ધસત્ય -

- નવ વર્ષના પ્રથમ સપ્તાહમાં જ લીજેન્ડરી એકટર ઓમ પુરી બોલીવુડમાં ન પૂરાય તેવી ખોટ મૂકીને ૬૬ વર્ષની ઉંમરે અનંતની યાત્રાએ ચાલ્યા ગયા...

ઉપરની કવિતા તેમની સુપર્બ ફિલ્મ 'અર્ધસત્ય'માં તેમના જ મુખે બોલાઈ છે.... સ્મિતા પાટીલ સામે તેઓ આ કવિતા નેરેટ કરે છે.

તેમના જીવનને તેમના સંઘર્ષને, તેમના અંગત જીવનના વિખવાદોને, જોઈએ તો આ અર્ધસત્ય બિલકુલ તેમને લાગુ પડે છે...

શીળીના ડાઘાઓથી ભરાયેલું મોઢું, દેખાવ જરા પણ અપીલીંગ નહીં... છતાં મરતે દમ તક ભલભલા મહારથીઓને માત્ર તેમના અવાજ અને અભિનયથી ચિત્ત કરનાર એકટલ એટલે ઓમ પુરી...

બાલપણ ખૂબ ગરીબીમાં વીત્યું. ચા વાળાને ત્યાં, ઢાબા પર કામ કર્યું. તેમના મમ્મી પાગલ થઈ ગયા... મામાના ઘરે રહેતા હતા ત્યાંથી પણ કાઢી મૂક્યા...

પછી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં આવ્યા અને તેમની જિંદગી બદલાઈ ગઈ...

મરાઠી પિકચરથી એક્ટિંગની શરૂઆત કરી... 'ઘાંસીરામ કોટવાલ.'

૧૯૮૦માં 'આક્રોશ' ફિલ્મમાં તેમનું જે 'લ્હાન્યા ભીખુ' નું પાત્ર છે, તે ફિલ્મમાં તેમના મુખના હાવભાવ જ તેમનો આક્રોશ વ્યક્ત કરે છે.... આ ફિલ્મ માટે તેમને 'બેસ્ટ સપોર્ટીંગ એકટર'નો ફિલ્મ ફેર એવોર્ડ મળ્યો હતો...

ત્યારબાદ ૧૯૮૨માં 'આરોહણ' અને '૧૯૮૩' માં 'અર્ધસત્ય' આ બંને ઑફિલ્મો માટે તેમને સળંગ બંને વર્ષ 'નેશનલ ફિલ્મ એવોર્ડ ફોર બેસ્ટ એકટર' મળ્યા...

'અર્ધસત્ય'ના પોલીસ ઈન્સ્પેકટરને આજે પણ ચાહકો અને ભાવકો ભૂલી નહીં શક્યા હોય...

'ઘાયલ' ના એસીપી ડીસોઝાના રોલ માટે ફિલ્મફેર એવોર્ડમાં નોમીનેટ થયા, તો બીજા જ વર્ષે 'નરસિમ્હા' ના વિલન 'બાપજી' નો ક્રૂર ચહેરો સામે આવ્યો...

અભિનયના આટલા બધા વેરીએશન ભાગ્યે જ જોવા મળે છે...

૧૯૯૭માં ઓલી 'ચાચી ૪૨૦'ના સેક્રેટરી 'બનવારી લાલ' ને કોણ ભૂલી શકે... આ ફિલ્મમાં તેમની કોમેડી સામે બે ઘડી પરેશ રાવલ પાછળ છૂટી જાય છે...

અને ત્યાર પછી ૨૦૦૦માં આવેલી 'હેરાફેરી'માં ખડકસિંહનું પાત્ર - પ્રિયદર્શન સાથે કોમેડીની સફર શરૂ થઈ તે 'માલામાલ વિકલી', 'ચુપ ચુપ કે, ઢોલ' વગેરે ફિલ્મો સુધી ચાલતી રહી...

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

'મકબૂલ' ના ઈન્સ્પેકટર પંડિતનું પાત્ર.... અદ્‌ભૂત ગયા વર્ષે 'ધ જંગલ બૂક' માં બગીરાના પાત્રમાં તેમનો અવાજ સાંભળવા મળ્યો અને 'મિર્ઝયા'જેવી પીરીયજ ફિલ્મમાં તેમનો છેલ્લીવાર અભિનય જોવા મળ્યો...

૧૯૯૦માં તેમને ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી' નો ખિતાબ આપવામાં આવ્યો હતો. ૨૦૦૯માં તેમને ફિલ્મફેરનો લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો...

આ ઉપરાંત તેમને ૨૦ જેટલી અંગ્રેજી ફિલ્મો પણ કરી...

પરંતુ તેમનું અંગત જીવન હંમેશા વિખવાદોથી જ ભરપૂર રહ્યું... તે છેક તેમનું મૃત્યુ પણ શંકાસ્પદ હાલતમાં જ થયું છે.

૧૯૯૧માં અનુકપૂરની બહેન સીમા કપૂર સાથે લગ્ન કર્યા... પણ એક જ વર્ષમાં તેમના ડિવોર્સ થઈ ગયા ત્યાર બાદ ૧૯૯૩માં પત્રકાર નંદિતા પુરી સાથે તેમના લગ્ન થયા અને ઈશાન નામનો તેમનો એક પુત્ર પણ છે...

અન્ના આંદોલન વખતે સાંસદોને 'ગંવાર અને અનપઢ' કહ્યા એટલે વિવાદનું કેન્દ્ર બન્યા...

તો વળી ઉરી ઍટેક વખતે શહીર સૈનિક ઉપર એમ કહીને કોમેન્ટ પાસ કરી કે - અમે થોડું સૈનિક થવા માટે પરાણે મોકલીએ છીએ!

તેમના આ નિવેદનથી હોબાળો મચી ગયો... અને છેવટે તેને શહીદ સૈનિકના ઘરે જઈને રોતા રોતા માફી માંગી...

બાસુ ભટ્ટાચાર્ટની 'આસ્થા'માં રેખા સાથેના ઈન્ટીમેટ સીન હોય કે 'ડર્ટી પૉલિટીક્સ'માં મલ્લિકા શેરાવત સાથેના તેમના ઈન્ટીમેટ સીન હોય, તેઓએ હંમેશા પડદા પર આવીને દર્શકોને ચોંકાવી દેવાનું કામ કર્યું છે....

ભારતીય સિનેમા અને વૈશ્વિક સિનેમામાં તેમનું યોગદાન ચિરસ્મરણીય રહેશે તેના મીનમેખ નથી....

હર્ટલેસ ફિલ્મનો તેમનો એક સંવાદ અહીં યોગ્ય બંધ બેસે છે - 'એક કતરા જબ જરા સા ઉભરતા હૈ, તો સમુંદર કે લહજે મેં બાત કરતા હૈ, ચાહતો કે દિએ કબ કે બુઝ ગયે હોતે, કોઈ તો હૈ જો હવાઓ કે પર કતરતા હૈ... ઔર જમીન કી કોઈ વકાલત નહીં ચલતી જબ કોઈ ફૈંસલા આસમાન સે ઉતરતા હૈ...'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સંત કવિઓનાં કથન રસસિદ્ધ કવન થઈ જાય છે

'તમે ભજન બહુ સરસ ગાયું પણ બે અંતરા ન ગાયા' એમ કહીને ગાયકોને બે વાર ધ્યાન દોર્યું.

વાત જાણે એમ કે ઘટના બની કચ્છની એ ધરા પર, જેની ધરતી સંત-શૂરા અને સત્સંગની, પ્રેમ-પરિશ્રમ અને પ્રકૃતિ તથા કલા-કસબ અને કારીગરી માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે.

કુદરતી આપત્તિઓ સામે સતત ઝઝૂમતો રહ્યો છે અહીંનો માનવી અને તો યે ફરી પાછો બેઠો થઈને સાહસથી - દિલેરીથી પાછો બેઠો થયો છે. દરિયાએ દાતારી શીખવી અને રણે વાસ્તવિકતાનો સ્વીકાર શીખવ્યો છે કચ્છી માડુને.

મહાભારતમાં આ પ્રદેશનો ઉલ્લેખ 'આભીર' તરીકે કરાયો છે. અહીં રાજવીઓની પ્રજા વત્સલતા આજે પણ લોકો યાદ કરે છે અને એમના ઐતિહાસિક મહેલોની મુલાકાત લઈને કચ્છ આવતા પ્રવાસીઓ અહીંના શિલ્પ - સ્થાપથ્ય તતા ઐતિહાસિક મહત્ત્વની માહિતગાર થાય છે.

કચ્છના નગરો કે શહેરો જેટલા સમૃદ્ધ અને સ્વચ્છ છે. એટલા જ સમૃદ્ધ અને સ્વચ્છ એના ગામડા છે. એમાંયે કચ્છમાંથી વિદેશ જઈને વસેલા કચ્છી માડુઓએ પોતાના વતનના ગામમાં જે ભવ્ય બંગલાઓ બનાવ્યા છે અને ગામમાં આરોગ્ય - શિક્ષણની સુવિધાઓ ઊભી કરે છે એના પરિણામે ગામોની રોકન ઔર વધી છે. ધર્મ-ભક્તિ અને સત્સંગના મહિમાનો આ પ્રદેશ છે એટલે અહીં ગામડાઓમાં મંદિરો અને તેની સાથે જોડાયેલી સત્સંગ પ્રવૃત્તિ પણ વધુ જોવા-સાંભળવા મળે... માધાપર - બળદિયા જેવા અનેક ગામોમાં આવેલી બેન્કોની બ્રાન્ચોના નામ મસમોટી ફિક્સ ડિપોઝીટો અને અકાઉન્ટમાં જમા રકમ માટે ખુબ જાણીતા છે.

કચ્છ અને કચ્છીઓ માટે એમ કહેવાય છે કે કચ્છમાં વરસાદ ઓછો પડે એટલે પાણીનો વપરાશ સાચવીને કરવો પડે, પણ કચ્છીના હૈયામાંથી પ્રેમરસની ધારા હંમેશા વહેતી જ હોય એટલે કચ્છી માડુ જયાં જયાં ગયો ત્યાં ત્યાં એણે પોતાની આગવી દુનિયા ઊભી કરી. બ્રિટન-આફ્રિકા-દુબઈ-મસ્કત અને ઓસ્ટ્રેલિયા - ન્યુઝિલેન્ડ જેવા કે અમેરિકા - કેનેડા જેવા દેશોમાં વસેલા કચ્છીભાઈ - બહેનોએ પોતાની સંસ્કૃતિ પણ એટલી જ જાળવી છે. આવો જ એક પરિવાર ૧૯૮૦માં દાયકાથી લંડનમાં રહે... વાયા મસ્તક થઈને અહીં આવેલા કલ્યાણજીભાઈ ખેતાણી અહીં નવા કે જુના મકાન સાથે સંકલાયેલા નળ-ગટર-પાણી-સીલીંગ-કલર-રિનોવેશન જેવા અનેક કામોમાં વ્યવસાયમાં જોડાયેલા છે. એમના પત્ની રતનબહેનનું મુળ વતન આફ્રિકા એ પણ પતિના વ્યવસાયમાં એકમીનીસ્ટ્રેશન અને અકાઉન્ટ તથા માર્કેટીંગ સંભાવે છે. છેલ્લા બે-ત્રણ દાયકાના એમના જીવનમાં ખૂબ સંબંધો નિભાવવાની સહજ સ્વભાવગત બાબતને લઈને આર્થિક રીતે સમૃદ્ધ થયા. થોડા થોડા વર્ષના અંતરે લંડનમાં ભજનના કાર્યક્રમો આયોજિત કરે છે. ભારતથી ગયેલા કલાકારો સાથે એમને પારિવારિક ધરોબો એટલે કલાકારોના કાર્યક્રમોમાં ઉપયોગી થાય - કથા કે સત્સંગના કાર્યોમાં પણ પોતાની સેવાઓ આપે. એમનું ગામ નારણપર... બૂજથી માંડવી જતા રસ્તામાં આવે આ ગામ... ગામમાં પણ સંતવાણીના કાર્યક્રમો એમણે કર્યા હતા...આ વખતે એમને છ મહિનાથી તારીખો અને કલાકારો સાથે બધું જ નક્કી કરી નાખ્યું હતું. ૨૦૧૭ના વર્ષની પ્રથમ રાત્રીનો ઉઘાજ જ સંતવાણીના સૂરોથી થયો હતો. ગુજરાતના જાણીતા કલાકારો માયા દીપક-આસિફ જેરીયા, શૈલૈષ બારોટ તથા કાજલ કથરેચા એક પછી એક ભજન અને સંતવાણી રજૂ કરતા રહ્યા અને શ્રોતાઓ માણતા રહ્યા.

મજાની વાત એ હતી કે નિમંત્રક તરીકે એમણે સમગ્ર ખેતાણી પરિવારનું નામ રાખ્યું હતું. પરિવારના સ્વજનો - કાકા-દાદાનું ભાઈઓ અને પરિવાર પણ ઉત્સાહથી જોડાયો હતો આયોજનમાં.

સંતવાણીના કેટલાક ભજનો ૮-૧૦ અંતરામાં હોય એટલે ગાયકે જયારે એકાદ-બે અંતરા ઓછા ગાયા તો ખેતાણી પરિવારના જ ભજન વાણીના ખુબ સારા શ્રોતા મેઘજીભાઈએ તુરંત ગાયકોનું ધ્યાન દોર્યું અને આપોઆપ ગાયકે હસતા ચહેરે બાકી રહેલા અંતરાઓ સંભળાવ્યા. શ્રોતા તરીકેની સજ્જનતા કલાકારોને પણ ગમી ગઈ.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

કચ્છની ધરતી એટલે ડાયરાની ધરતી. અહીં સંતવાણીના કાર્યક્રમોમાં શ્રોતાઓ કલાકારોની પ્રસ્તુતિ પર રાજી રાજી થઈને રૂપિયાની નોટો 'ગોર' રૂપે ઉછાળે... મોટા ભાગે પહેલેથી આયોજકો સાથે નક્કી થયું હોય એ મુજબ આ તમામ રકમ કલાકારો ગૌશાળા માટે આપી દે... અહીં પણ એવું જ થયું... આમ કલાકારો પણ ગૌ-માતાની સેવામાં નિમિત એમનો આનંદ રહ્યો.

કાર્યક્રમનું વેબકાસ્ટીંગ થયું તો લંડનમાં દિલીપ રાજા - પરેશ ખેતાની જેવા પરિવારજનોએ જાણે લાઈવ કાર્યક્રમ જોતા હોય એવું અનુભવ્યું.

કચ્છનું આતિથ્ય વિશ્વભરમાં જાણીતું છે અને એને અનુરૂપ વાત્સલ્યપૂર્ણ મહેમાનગતિ રવજીભાઈ હરજીભાઈ - દેવેન્દ્રભાઈ કરી જે કલાકારોને હંમેશા યાદ રહેશે...

આવી ઘટના - કાર્યક્રમોમાં ઘણીવાર બનતી જ હોય છે પરંતુ ઊડીને આંખે વળગે એવી બે વાત પૈકીની એક એટલે વિદેશમાં રહેતા પરિવાર દ્વારા પોતાના વતનમાં ગામમાં - બાપ-દાદાના સ્મરણ સાથે સંતવાણીનું આયોજન સહુને સાથે રાખીને કરવું તે છે. ધંધા-વ્યવસાયના ભાગરૂપે ભલે બધા પોતાના માર્ગે ચાલે પણ સત્સંગમાં તો સહુ સાથે જ એ ભાવના અનુકરણીય છે.

બીજી વાત એ શ્રોતાઓની સમજદારી અને એકાત્મકતા છે. પ્રાચીન સંતવાણીના પદો થકી આપણા હૈયામાં સમજણના દીવડા પ્રગટે છે અને જ્ઞાનનો પ્રકાશ રેલાય છે. પરિણામે કોઈ પ્રયાસ વિના સંતવાણીના ચાહકોને આત્મજનો હૃદયસ્થ હોય છે અને આવા સમયે કલાકારોની પ્રસ્તુતિ સાતે તેઓને તાર સધાય છે. કચ્છની ધરતીને એકથી એક ચઢિયાતા ભજનીકો અને કલાકારો આવ્યા છે એટલે અહીં એ જાગૃતિ વિશેષ હોય એ પણ સમજી શકાય છે.

આમ સંતવાણી કે ભજનવાણીના આવા કાર્યક્રમોમાં કલાકારો અને શ્રોતા વચ્ચે એકતારની ભાવના પ્રગટે ત્યારે બંને પક્ષે આનંદના અજવાળા રેલાય છે.

તેજુંજ :

સંત કવિઓના કથન
રસસિદ્ધ કવન થઈ જાય છે,
એવી વાણી સાંભળીને,
મુગ્ધ જન થઈ જાય છે.

- નારાયણ સ્વામીએ ગાયેલા ભજનો પૈકીના એકનું મુખડું